# પોલીસ શિયાળાની મધુર નિંદ્રામાને તસ્કરોને ઘી કેળા: પ્રાંતિજ માર્કેટયાર્ડમાં બે દુકાનોના તાળા તૂટયા






પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ માર્કેટયાર્ડ મા આવેલ બે દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી હતી અને અંદાજે ૯૫ હજાર ની ચોરી થતા દુકાન માલિકો દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ પોલીસ ના રાત્રી ના પોલીસ પેટ્રોલિંગ ઉપર અનેક સવાલો ઉઠયા. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના કમાલપુર ખાતે આવેલ શાક માર્કેટ ખાતે ગઈ રાત્રી ના અજાણ્યા તસ્કરોએ માર્કેટયાર્ડ મા આવેલ બે દુકાનોની પાછળ ના ભાગે લાગેલ જાળી તોડી દુકાનો મા અંદર પ્રવેશ કર્યો હતો જેમા પ્રાંતિજ માર્કેટયાર્ડ મા આવેલ દુકાન નંબર-આઠ વસંતભાઈ નટવરલાલ મોદીની દુકાન મા પાછળ ના ભાગે લાગેલ દુકાન ની જાણી ના સળીયા તોડી દુકાન મા પ્રવેશ કરી દુકાન મા રહેલ તિજોરી નુ તાળુ તોડી તિજોરીમા રહેલ રોકડ રકમ ૯૦,૦૦૦ તથા દુકાન મા લાગેલ સીસીટીવી કેમરાનુ ડીવીઆર લઈ ગયા હતા તો દુકાન નંબર-૬ શિવશક્તિ વેજીટેબલ પરેશભાઈ પટેલ ની દુકાન મા પણ પાછળ ની બારી તોડી અંદર પ્રવેશ કરી દુકાન માથી રોકડ-૫૦૦૦ ની ચોરી કરી હતી તો દુકાન મા રહેલ તિજોરી પણ આખીને આખી તિજોરી ઉઠાવી ગયા હતા અને તિજોરી દુકાન ની પાછળ વાધામા મુકીને તસ્કરો જતા રહ્યા હતા તો દુકાન માલિકોએ આ અંગે ની જાણ પ્રાંતિજ પોલીસ ને કરતા પ્રાંતિજ પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી તો પ્રાંતિજ સહિત તાલુકામા તસ્કરો દ્વારા એક પછી એક દુકાન , સ્કૂલ કે મકાનોને નિશાન બનાવે છે પણ પ્રાંતિજ પોલીસ જાણે શિયાળા ની સિઝન હોય ને મધુર નિદ્રામાણી રહી હોય તેવુ હાલતો સ્પસ્ટ પણે જણાઈ આવે છે અને પ્રાંતિજ પોલીસ ના રાત્રીના પોલીસ પેટ્રોલિંગ ની પોલ જાણે આ તસ્કરો ખોલી રહ્યા હોય તેવુ હાલતો સ્પસ્ટ પણે જણાઈ આવે છે તો પ્રાંતિજ પોલીસ રાત્રી દરમ્યાન શિયાળા ઉધ માણે છે ને તસ્કરો એક પછી એક ચોરીને અંજામ આપે છે ત્યારે પ્રાંતિજ સહિત તાલુકાના લોકો દ્વારા રાત્રિ દરમિયાન પોલીસ પેટ્રોલિંગ સધન બનાવવા માંગ પણ હાલતો ઉઠવા પામી છે.

# સાહિત્યકાર સાથે વિદ્યાર્થીઓનો અનોખો વાર્તાલાપ યોજાયો



મોડાસા, તા. ૧૫

પોતાના પાઠ્યપુસ્તકમાં આવતી કવિતા, વાર્તા ના કવિ,લેખક સાથે જો વિદ્યાર્થીઓને વાત કરવાનો મોકો મળે તો કેવી મજા પડે.! મ લા ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત શ્રીજે બી શાહ ઈંગ્લીશ મીડીયમ સ્કુલના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ ના પાઠ્યપુસ્તકમાં ટિફિન લઘુકથાનો ચાલુ વર્ષે સમાવેશ થયેલો છે. તેમના વિષય શિક્ષક મનીષાબેને ગુજરાતીના આ પુસ્તકમાં લઘુ કથા ના લેખક પ્રેમજીભાઈ પટેલ કે જેઓ સાહિત્યકાર છે. જેમણે ૫૦૦ ઉપરાંત લઘુકથાઓ લખી છે. લેખક પ્રેમજીભાઈ પટેલ સાથે ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓનો વાર્તાલાપ ગોઠવવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓની ટેક્સ બુક માં આવતી વાર્તા ના લેખક સાથે વાતચીત કરીને વિદ્યાર્થીઓ ધન્યતાનો અનુભવ કરવા લાગ્યા. શાળાના આચાર્ય ડોક્ટર પ્રદીપભાઈ જયસ્વાલ સૌને પ્રોત્સાહિત કર્યા હતા. મંડળના પ્રમુખ નવીનભાઈ મોદી તેમજ શાળાના પ્રભારી મંત્રી પરેશભાઈ મહેતાએ અભિનંદન પાઠવ્યા હતા.

# ધાનેરાની ધ નેશનલ સાયન્સ સ્કૂલ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન મેળો યોજાયો



ધાનેરા તા. ૧૫

ધાનેરા માં આવેલ ધ નેશનલ સાયન્સ સ્કૂલ ખાતે આજે વિજ્ઞાન પ્રદર્શન મેળો યોજાયો હતો .જેમાં ૨૨ શાળાઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ માં ઉપસ્થિત ભગવાનદાસ પટેલ તથા માનસિંગ તથા ગોવિંદભાઈ પટેલ તથા હરજીભાઈ ચૌધરી તથા ચેનજી તથા એસ.બી પટેલ તથા નરપતસિંહ તેમજ આગેવાનો તેમજ શિક્ષકગણ તેમજ વિધાર્થી ભાઈ બહેનો અને ગણિત વિજ્ઞાન પ્રદર્શન માં ભાગ લેનાર વિધાર્થી ભાઈ બહેનો ની ઉપસ્થિતિ માં કાર્યક્રમ યોજયો હતો . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ કાર્યક્રમ માં રીબીન કાપી વિજ્ઞાન મેળાને ખુલો મુકવામાં આવ્યો હતો.

અને ૨૨ શાળા નાં વિદ્યાર્થી ભાઈ બહેનો દ્વારા અલગ અલગ પ્રકાર ની કૃતિઓ બનાવી પ્રદર્શનમાં મુકવામાં આવી હતી .અને આ પ્રદર્શન માં વિધાર્થી ભાઈ બહેનો દ્વારા સમજાવવા માં પણ આવ્યું હતું આમ આજે ધાનેરા નાં નેશનલ ઓફ સાયન્સ સ્કૂલ ખાતે ગણિત વિજ્ઞાન પ્રદર્શન નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શિયાળાની જમાવટ ન થતાં વિદેશી પક્ષીઓનું આગમન વિલંબમાં

# જિલ્લાના તળાવોમાં યાયાવર પક્ષીઓ હજુ ફરક્યાં જ નથી

## મિશ્ર હવામાનની સ્થિતિથી વિદેશી પક્ષીઓ બીજે ફંટાયાની સંભાવના

બાયડ, તા.૧૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની શરુઆત સાથે ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં વિદેશી પક્ષીઓનું આગમન પ્રજામાં આકર્ષણ જગાવતું હોય છે પરંતુ આ વખતે ઠંડીની જમાવટ થઈ નથી જેના કારણે યાયાવર પક્ષીઓનું આગમન વિલંબમાં પડ્યું છે કે પછી મિશ્ર હવામાનની સ્થિતિથી દૂરથી આવતા વિદેશી પક્ષીઓ બીજે ફંટાયાની ચર્ચાઓ જાગી છે. જિલ્લા ઉપરાંત ખાસ કરીને બાયડ તાલુકાના આંબાગામના તળાવમાં ઠંડા પ્રદેશમાંથી આવતા વિદેશી પક્ષીઓનો ડિસેમ્બર મહિનામાં ખાસ્સો જમાવડો રહેતો હોય છે પરંતુ આ વખતે ગણ્યા ગાંઠ્યા પક્ષીઓ પણ તળાવમાં જોવા મળતા નથી.

દર વર્ષે જિલ્લામાં ઠંડીની શરુઆત સાથે રશિયા, ઈન્ડોનેશિયા, લદાખ તેમજ હિમાચલ પ્રદેશ જેવા ઠંડા પ્રદેશના વિદેશી પક્ષીઓ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં શિયાળો ગાળવા માટે આવતા હોય છે. હજારો



કિલોમીટરનું અંતર કાપ્યા પછી પક્ષીઓ અનુકુળ વાતાવરણ હોય તેવા તળાવમાં મહેમાનગતિ માણી શિયાળો પૂર્ણ થાય તે અગાઉ પરત ફરી જતાં હોય છે. બાયડ તાલુકાના આંબાગામ સહિતના તળાવોમાં શિયાળા દરમ્યાન યાયાવર પક્ષીઓ આકર્ષણનું કેન્દ્ર બની રહેતા હોય છે. આ ઉપરાંત જિલ્લાના અન્ય છીછરા તળાવોમાં પણ જિલ્લામાં ક્યારે પણ જોવા ન મળતા હોય તેવા પક્ષીઓ શિયાળામાં જોવા મળતા હોય છે જેથી પક્ષી પ્રેમીઓ શિયાળા દરમ્યાન પક્ષીઓના અભ્યાસ માટે ગ્રામ્ય વિસ્તારના તળાવોની અચૂક મુલાકાત લેતા હોય છે પરંતુ આ વખતે શિયાળો જામ્યો નથી અને તેમાંય મિશ્ર ઋતુનો માહોલ ઉભો થયો હોવાના કારણે યાયાવર પક્ષીઓનું આગમન વિલંબમાં પડ્યું છે. જિલ્લાના વાતાવરણમાં આવેલા બદલાવનો અણસાર દૂરથી આવતા વિદેશી પક્ષીઓને મળી ગયો હોય તેમ અન્ય વિસ્તારના તળાવોમાં ફંટાઈ ગયાની ચર્ચા પક્ષી પ્રેમીઓમાં શરુ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં ગત સારા ચોમાસાના કારણે પાણીની મહત્તમ આવક

જળવાયેલી છે. જળચર પક્ષીઓ માટે તળાવ આસપાસ પૂરતો ખોરાક ઉપલબ્ધ હોવા છતાં આ વખતે ગામડાંના તળાવોમાં ઘરઆંગણા પક્ષીઓ સિવાય અન્ય યાયાવર પક્ષીઓ જણાતા નથી. મોટાભાગના તળાવો પાણીથી છલોછલ હોવા છતાં શિયાળો ગાળવા આવતા પક્ષીઓની હાજરી જણાતી નથી જેથી તળાવો તરફ નજર કરી પક્ષી પ્રેમીઓ નિશાસા નાખી રહ્યા છે.

# બાયડના ડીપ વિસ્તારમાંથી યુવકનો મૃતદેહ મળતાં સનસનાટી : પ્રાંતવેલ ગામના યુવાનના મોતે રહસ્ય સર્જ્યું



બાયડ, તા.૧૫

બાયડના ડીપ વિસ્તાર નજીક ખુલ્લા ખેતર પાસેથી પ્રાંતવેલ ગામના યુવકનો બુધવારે સવારે મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં સનસનાટી મચી છે. મૃતક યુવાન છેલ્લા ૪ દિવસથી ગુમ થયા પછી તેની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવતાં મોતે રહસ્ય સર્જ્યું છે. બનાવની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે જઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વાહનોની અવર જવરથી ધમધમતા ડીપ વિસ્તારમાં યુવકનો મૃતદેહ જોવા મળતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

બાયડ અને તેની આસપાસના વિસ્તારોમાંથી મૃતદેહ મળી આવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. તા.૧૪ના રોજ બાયડના ડીપ વિસ્તાર નજીક કોઈ યુવકનો મૃતદેહ પડ્યો હોવાની વાતો વહેતી થતાં લોકટોળાં સ્થળ ઉપર એકત્ર થઈ ગયાં હતાં. બનાવની જાણ પોલીસને કરવામાં આવતાં સ્થળ ઉપર પહોંચી પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી જેમાં મૃતક તાલુકાના પ્રાંતવેલ ગામના રમેશ કાળાભાઈ ખાંટ(ઉ.૪૫ વર્ષ)હોવાનું જાણવા મળતાં પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. મૃતકના શરીર ઉપર શર્ટ ન હોવાની સાથે ખેતર નજીક અર્ધપહેરેલાં કપડાંની હાલતે મોત અંગે તરેહ તરેહની ચર્ચાઓ છેડાઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવક થોડાક દિવસ અગાઉ પેટની બિમારીના કારણે બાયડની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવ્યો હતો જ્યાં પરિવારજનોને રસ્તામાં ઉભા રાખ્યા પછી ગુમ થઈ ગયો હતો. જ્યાં તેની લાશ ડીપ વિસ્તારમાંથી મળી આવતાં પોલીસે મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપવાની સાથે મૃતકના પરિવારજનોના નિવેદન લઈ તપાસ શરુ કરી છે.

# પાલનપુર પંથકના જગાણા નજીક રાત્રીના સમયે પસાર થતી પાડા-પાડી ભરેલી બે ટ્રકો ઝડપાઈ

**ટ્રકોમાં ઘીચો ઘીચ ભરેલા ભરેલા ૧૪૮ પશુઓને બચાવી લેવાયા : પશુ ઓને ક્રૂરતા પૂર્વક કતલખાતે લઈ જતા બે ટ્રક ચાલક સહિત ત્રણ ની અટક કરાઈ**

પાલનપુર તા.૧૫

પાલનપુર તાલુકાના જગાણા નજીક થી રાત્રીના સમયે પશુઓને કતલખાને લઈ જતી બે ટ્રકો ને ઝડપી પાડવામાં આવી હતી જીવદયા પ્રેમીઓએ ટ્રકોનો પીછો કરી તેમજ પોલીસ ને સાથે રાખી બન્ને ટ્રકમાં ઘીચો ઘીચ ભરેલા ૧૪૫ જેટલા પશુઓને બચાવી લેવાયા હતા જોકે ત્રણ પશુ મૃત હાલતમાં મળી આવ્યા હતા જેને લઈ પશુઓને કતલખાને લઈ જતા ત્રણ ઈસમોની અટકાયત કરવામાં આવી હતી. પાલનપુર તાલુકાના નળાસર (ગોપાળ)ગામે રાત્રીના સમયે પશુ ભરેલી બે ટ્રકો પુરઝડપે પસાર થતા જીવદયા પ્રેમી વિશાલભાઈ મહેન્દ્રભાઈ પંચાલ ટ્રકો માં કતલખાને જતા પશુઓ બચાવવા પોલીસને જાણ કરી હતી . અને પોતાના મિત્રો સાથે ટ્રકોનો પીછો કરી જગાણા બ્રિજ નજીક બન્ને ટ્રકો ઉભી રખાવી ટ્રકોની કરતા બન્ને ટ્રક માંથી ૧૪૮ પાડા અને પાડી ઘીચોઘીચ ભરેલા મળી આવ્યા હતા .જેમાં ત્રણ પશુ મરણ પામેલ હતા જેને લઈ બન્ને ટ્રક તાલુકા પોલીસ મથકે લાવી પશુઓને પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા હતા અને ટ્રક ચાલકો શાહરુખખાન યાદખાન બલોચ રહે.મેસર તા.સરસ્વતી,જામીર હુસેન તાહિરહુસેન કુરેશી રહે.ગવાડી ડીસા અને જાવીદ જાકિરભાઈ શેખ રહે.અમન પાર્ક ડીસા વાળા ની પશુઓ તેમજ બે ટ્રક મળી કુલ.રૂ.૭.૧૬ લાખ ના મુદ્દામાલ સાથે અટકાયત કરી ત્રણેય આરોપી વિરુદ્ધ પાલનપુર તાલુકા પોલીસ મથકે પશુ ક્રૂરતા અધિનિયમન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# વિજયનગરની પોળોમાં પ્રવાસીની કારમાંથી દારુની બોટલ પકડાતાં તોડ થયાની બુમ

## પોલીસે ખિસ્સાં ભરી મામલો રફે દફે કર્યાની ગરમા ગરમ ચર્ચા

બાયડ, તા.૧૫

વિજયનગરની જૈનપોળોમાં પ્રવાસીની કારમાંથી પોલીસે વિદેશી દારુની એક બોટલ જપ્ત કર્યા પછી પ્રોહીબીશનની કાર્યવાહી કરવાને બદલે તોડ કર્યાની બુમ ઉઠી છે. પોલીસે પ્રવાસી સામે ગુનો નોંધવાને બદલે ખિસ્સાં ભરી સમગ્ર મામલો રફેદફે કર્યાની ગરમા ગરમ ચર્ચાઓ શરુ થઈ છે. રવિવારે પોળોમાં પ્રવાસીઓનો વાહનો સાથે ધસારો હતો તે સમયે ચેકીંગ દરમ્યાન વિદેશી દારુની બોટલના રુપમાં પોલીસને પ્રવાસીઓને ખંખેરવાનો મોકો મળ્યો. કહેવાય છે કે અનેક વિનવણીઓ પછી પોલીસે ચોરીવાડ અને કડીયાદરા વિસ્તારના પ્રવાસીને ખંખેરી મુક્ત કરી દીધો હતો.

જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીઓ સમયે પોલીસે કહેવા ખાતર દારુબંધીનો કોરડો ચલાવ્યો હતો. પોલીસના હપ્તારાજથી દેશી-વિદેશી દારુની રેલમછેલ કાયમી છે તેમાંય હવે પ્રવાસન સ્થળોએ વિદેશી દારુની ડ્રીંક પાર્ટીઓ સામે પોલીસે આંખ મિચામણાં શરુ કર્યા છે જેમાં ગત રોજ વિજયનગરની પોળોમાં ચોરીવાડ-કડીયાદરા વિસ્તારના એક પ્રવાસીની કારમાંથી વિદેશી દારુની બોટલ તપાસ દરમ્યાન પોલીસને મળી આવ્યા પછી ગુનો નોંધાશે તેવું લાગતું હતું પરંતુ વિદેશી દારુની બોટલ જપ્ત કર્યા બાદ કારમાં સવાર પ્રવાસીને કાયદાનો ડર બતાવી રુ ૩૦ હજારથી પણ વધુની રકમનો તોડ પોલીસે કર્યો હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. કારમાંથી વિદેશી દારુની બોટલ પકડાતાંની સાથે જ પોલીસને જાણે અલ્લાદીનનો ચિરાગ મળી ગયો હોય તેમ પોલીસ કરામતમાં સફળ થયાની ચર્ચા છેક વિજયનગરની પોળોથી સાબરકાંઠાના અંતરીયાળ વિસ્તાર સુધી પહોંચી છે. વિજયનગર પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.નો સંપર્ક કરતાં રવિવારે પોળોમાં કોઈ પ્રવાસીની કારમાંથી વિદેશી દારુની બોટલ પકડાઈ હોવાનો કોઈ ગુનો દાખલ થયો નથી તેમ જણાવવામાં આવ્યું જો કે પોલીસે કાયદેસરનો ગુનો દાખલ કરવાને બદલે શિયાળામાં ખિસ્સાં ગરમ કરી લીધાના આક્ષેપ થઈ રહ્યા છે.

**પી.એસ.આઈ.એ ફોન ઉપાડવાનું ટાળ્યું**

**વિજયનગરની જૈન પોળોમાં પ્રવાસીની કારમાંથી વિદેશી દારુની બોટલ જપ્ત કરી પોલીસે તોડ કર્યાના આક્ષેપ થઈ રહ્યા છે ત્યારે વિજયનગર પી.એસ.આઈ., એ.વી.ચૌધરીનો સંપર્ક કરતાં કોઈપણ કારણોસર ફોન ઉપાડવાનું સતત ટાળી દીધું હતું.**

# અંબાજીના કોટેશ્વર નજીક ટાયરમાં ફસાયેલા પથ્થર કાઢવા જતાં ટ્રક ચાલક ઉપર ફરી વળતાં મોત

પાલનપુર તા.૧૪

અંબાજી કોટેશ્વર નજીક આવેલી માઈન્સમાંથી પથ્થર ભરીને પસાર થઈ રહેલી ટ્રકના ટાયરમાં પથ્થર ફસાઈ જતાં ચાલક કાઢી રહ્યો હતો. દરમિયાન ટ્રક ઢોળાવના કારણે પાછી પડતાં ટાયરમાં આવી જતાં ચાલકનું મોત થયું હતુ.અંબાજી કોટેશ્વર નજીક વીપુલ માઈન્સમાંથી ટ્રેલર નં. આર. જે. ૦૯. જીડી. ૦૮૫૧ પથ્થર ભરીને ચાલક રાજસ્થાનના જયપુર જીલ્લાના પાવટાના રામસિંહ ઘીસાસિંહ રાજપૂત પસાર થઈ રહ્યા હતા. દરમિયાન વચ્ચેના ટાયરમાં પથ્થર ફસાતા ટ્રક ઉભી રાખી તેઓ પથ્થર કાઢી રહ્યા હતા. દરમિયાન ઢોળાવના કારણે ટ્રક રગડીને પાછી પડતાં રામસિંહ વચ્ચેના ટાયરમાં આવી ગયા હતા. જેમના કમરના ભાગેથી ટાયર ફળી વળતાં ગંભીર ઈજાથી મોત થયું હતુ. આ અંગે શેરસિહ રામસિંહ રાજપૂતે અંબાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પાલનપુર શહેરના રેલ્વે સ્ટેશન થી બહાર આવતા સ્વામી વિવેકાનંદ માર્ગ ઉપરના વેપારીઓએ

# નગરપાલિકા પ્રમુખને પાર્કિંગ જાહેર શૌચાલય અને ગંદકીના ઢગલા અંગે આવેદનપત્ર આપ્યું

પાલનપુર તા.૧૫

બનાસકાંઠા જિલ્લા વડા મથક પાલનપુર શહેરના રેલ્વે સ્ટેશનથી બહાર આવતા રેલ્વે સ્ટેશનથી દિલ્હી ગેટ ને જોડતા સ્વામી વિવેકાનંદ માર્ગ ઉપર રેલવે સ્ટેશનથી શહેરમાં પ્રવેશતા માર્ગ ઉપરના વેપારીઓએ આજે બપોરે પાલનપુર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી કિરણ રાવલને આ માર્ગ ઉપર જાહેરમાં ગંદકીના ઢગલા પાર્કિંગ અને જાહેર શૌચાલયની માગણીઓ સાથેનું સફાઈ માટે આવેદનપત્ર ખંડેલવાલ સ્વીટ એન્ડ નમકીનના વેપારી શ્રી કૈલાશભાઈ ખંડેલવાલ ની આગેવાની હેઠળ સુપ્રત કર્યું હતું.

આજથી ૧૫ ૨૦ વર્ષ અગાઉ રેલ્વે સ્ટેશનની બહાર નીકળતા જાહેર મુતરડી બનાવેલ હતી. પરંતુ ક્રમશ: માર્ગ પહોળો કરાતા આ મુતરડી તોડી પાડવામાં આવી હતી. ત્યારબાદ અનેકવાર આ વિસ્તારના વેપારીઓએ મુતરડી બનાવવા અને સત્તા દિવસો



ધારાસભ્યોને સંસદ સભ્ય સમક્ષ માગણીઓ મુકેલ પરંતુ આજ દિન સુધી આ સમસ્યાનો કોઈ ઉકેલ આવેલ નથી. વધુમાં ગંદકીના ઢગલા જાહેરમાં રખડતા ઢોર અને શૌચાલયના અભાવે જાહેરમાં લોકો લઘુ શંકા કરતા વ્યાપક ગંદકી અને મહિલા હોય તો જાહેર શૌચાલયના અભાવે ઘણી અશોભનીય સ્થિતિમાં મુકાવવું પડે છે. તો ઉપરોક્ત ગંભીર સમસ્યાઓ પ્રત્યે તાત્કાલિક ધોરણે પે એન્ડ યુઝ જાહેર શૌચાલય રેલવે સ્ટેશન ની બહાર નીકળતા માર્ગ ઉપર ની જગ્યામાં બનાવવા માટે આજે આ વિસ્તારના તમામ વેપારીઓ બાબુભાઈ હકમાં ભાઈ રામભાઈ રાકેશભાઈ ગુપ્તા બીરજુભાઈ ગુપ્તા સહિત અનેક વેપારીઓ પ્રહલાદન શોપિંગ સેન્ટરના અનેક વેપારીઓએ આજે પાલિકા પ્રમુખને રૂબરૂ ફોટોગ્રાફસ અને વિડિયો ક્લિપિંગ સાથે પુરાવા સહિત ઉપરોક્ત ગંભીર સમસ્યા હટાવવા આ વિસ્તારના વેપારી અગ્રણી અને નગરપાલિકાના વોર્ડ નંબર ૨ ના ભાજપના મહિલા સભ્ય ભારતીબેનના પતિ અંબાલાલ રંગ વાણી સાથે ઉગ્ર રજૂઆત કરી હતી. નગરપાલિકાના ઉત્સાહી અને કર્મનિષ્ઠ પ્રમુખ કિરણ રાવલે રજૂઆત કરતા વેપારીઓને સત્વરે ઉપરોક્ત પ્રશ્નો હલ કરવા ખાતરી આપી હતી. અને ડોર ટુ ડોર કચરા કલેક્શનના કોન્ટ્રાક્ટર ના મેનેજરને તાત્કાલિક તમામ દુકાનો માંથી કચરો એકત્ર કરવા આદેશ જારી કર્યો હતો.